રાજ્યમાં "સ્કાય યોજના" (સૂર્યશક્તિ
કિસાન યોજના) જાહેર કરવા બાબત

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક: SLR/11/2016/2284/B1
સચિવાલય, ગાંધીનગર
તારીખ :૨૭/૦૬/૨૦૧૮

<u>પ્રસ્તાવના:</u>

માનનીય વડાપ્રધાનશ્રીએ સમગ્ર દેશમાં ખેડૂતોની આવક વર્ષ ૨૦૨૨ સુધીમાં બમણી કરવાનો નિર્ધાર વ્યક્ત કરેલ છે. આ નિર્ધાર પૂર્ણ કરવા માટે રાજ્ય સરકારે અનેકવિધ આયોજનો અને યોજનાઓ અમલમાં મૂકેલ છે. આવા આયોજનના ભાગરૂપે રાજ્યમાં બિનપરંપરાગત ક્ષેત્રે ઉર્જા વપરાશ વધારવા, Green Energyને ઉત્તેજન આપવા અને ખેડૂતોને દિવસ દરમ્યાન વીજળી મળે તે માટે કેન્દ્ર સરકારની સૂચિત "KUSUM" યોજના(Kisan Urja Suraksha evam Utthaan Mahabhiyan) ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પર્યાવરણને અનુરૂપ અને ખેડૂતલક્ષી એવી એક નવી યોજના ખેડૂતોના લાભાર્થે જાહેર કરવા વિચારણા હાથ ધરવામાં આવેલ હતી.

<u>ઠરાવ:</u>

આ અંગેનાં તમામ પાસાઓ અન્વયે કાળજીપૂર્વકની પુખ્ત વિચારણાનાં અંતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારની KUSUM યોજના ઉપરાંત રાજ્યના ખેડૂતોનાં લાભાર્થે "સૂર્યશક્તિ કિસાન યોજના" (SKY યોજના) આથી જાહેર કરવામાં આવે છે. આ યોજના દ્વારા ખેડૂતો સૌર ઉર્જા ઉત્પાદિત કરી શકશે, વાપરી શકશે તેમજ જે બચે તે વીજળી ગ્રીડમાં વેચી શકશે. આ ઉપરાંત ગ્રીડનાં સપોર્ટ સાથે દિવસ દરમ્યાન આશરે બાર કલાક સુધી વીજ પુરવઠો મળી શકશે,તેમજ વીજળી જ્યાં ઉત્પાદિત થાય ત્યાં જ ખેડૂત તેનો ઉપયોગ કરી શકશે.

પ્રથમ તબક્કે આ યોજના પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમલી રહેશે, જેમાં જુદા જુદા જીલ્લાઓના ફીડરોનો સમાવેશ કરવામાં આવશે. પાયલોટ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ લગભગ રૂ.૯૦૦ કરોડ રહેશે.

આ યોજના માટેનાં માપદંડો/ધારાધોરણો/શરતો નીચે મુજબ રહેશે.

(૧) આ યોજનામાં ગ્રીડ સાથે જોડાયેલ ખેડૂતો ૧ હો.પા. દીઠ ૧.૨૫ કિ.વો.(KW) લેખે ખેડૂત જેટલા હોર્સ પાવરનું જોડાણ ધરાવતો હોય તે પ્રમાણે સોલાર ફોટોવોલ્ટિક પીવી સિસ્ટમ સ્થાપિત કરી શકશે. ખેડૂત જો ઈચ્છે તો સ્વખર્ચે વધુ સોલર એનર્જી ક્ષમતા વીજ પરિવહન નેટવર્કની મર્યાદામાં રહીને આવશ્યક તાંત્રિક મંજુરી લીધા બાદ સ્થાપી શકશે પરંતુ સબસીડી ખેડૂત જેટલા હો.પા.નું જોડાણ ધરાવતો હોય તેમાં ૧ હો.પા. દીઠ ૧.૨૫ કિ.વો. પુરતી મર્યાદિત રહેશે.

(૨) જે ખેડૂતો આ યોજનામાં જોડાય તેમના ખેતરમાં સોલાર સિસ્ટમ સ્થાપિત કરવાના કુલ ખર્ચની રકમનાં ૫% રકમ પ્રથમ તબક્કે ભરવાની રહેશે, જ્યારે બાકીની રકમ કેન્દ્ર સરકારની સબસીડી, રાજ્ય સરકારની સબસીડી અને ખેડૂતો વતી નાબાર્ડ/અન્ય નાણાકીય સંસ્થા પાસેથી લોન તરીકે મેળવવામાં આવશે. આ અંગેની કાર્યવાહી રાજ્ય સરકાર/ GUVNL દ્વારા કરવામાં આવશે.

(૩) ખેડૂત દ્વારા સિંચાઈ માટે વપરાતી વીજળી બાદ કરતા જે વીજળી ગ્રીડમાં આપવામાં આવે તે રૂા.૩.૫૦ પ્રતિ યુનિટના દરે જે તે વીજ વિતરણ કંપની દ્વારા ખરીદી લેવામાં આવશે. ગ્રીડમાં વીજળી વેચવા માટે કોઈ મહત્તમ મર્યાદા રહેશે નહી.

(૪) ખેડૂત અને જે તે વીજ વિતરણ કંપની વચ્ચે વધારાની ઉત્પાદિત સોલાર વીજળીની ખરીદી-વેચાણ માટે ૨૫ વર્ષનો કરાર કરવામાં આવશે. એટલે કે ૨૫ વર્ષો સુધી આ કિંમતે (રૂા.૩.૫૦ પ્રતિ યુનિટ) ખેડૂતની વીજળી જે તે વીજ વિતરણ કંપની દ્વારા ખરીદવામાં આવશે.

(૫) જે તે ફીડર માટે સંબંધિત ખેડૂતો દ્વારા ખેડૂતોની સંચાલન સમિતિની રચના કરવામાં આવશે. સમિતિના પ્રમુખ આ યોજનાના અમલીકરણ માટે જે તે વીજ વિતરણ કંપની સાથે વ્યવહાર કરશે.

(૬) હિસાબનાં હેતુ માટે ખેડૂતની બિલીંગ સાયકલ પ્રમાણે ખેડૂતે કેટલી વીજળી વાપરી છે/ગ્રીડમાં વેચી છે તે નક્કી કરવામાં આવશે.

(૭) જો કોઈ બિલીંગ સાયકલમાં ખેડૂતે નેટ ઈમ્પોર્ટ કર્યો હોય એટલે કે ઉત્પાદિત સૌર ઉર્જા કરતા વધુ વીજળી વાપરેલ હોય તો તે પેટે તેણે પ્રતિ યુનિટ જી.ઈ.આર.સી. ટેરીફ (રૂા.૩.૫૦ પ્રતિ યુનિટ) વીજ વિતરણ કંપનીને ચૂકવવાનો રહેશે.

(૮) ઉપર જણાવ્યા મુજબ ૨૫ વર્ષો સુધી જે તે વીજ વિતરણ કંપની રૂા.૩.૫૦ પ્રતિ યુનિટની કિંમતે ખેડૂતોની વધારાની વીજળી ખરીદશે.તે ઉપરાંત ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે સૌર ઉર્જા ઉત્પાદન શરૂ થાય(Commissioning) ત્યારથી પ્રથમ ૭(સાત) વર્ષ માટે રાજ્ય સરકાર દ્વારા આપવાની સબસીડીનાં ભાગ રૂપે જે તે ખેડૂત દ્વારા ગ્રીડમાં વેચાતી વીજળીનાં રૂા.૩.૫૦ પ્રતિ યુનિટ Evacuation Based Incentive (EBI) ચૂકવવામાં આવશે, જે કિ.વો.(KW) દીઠ ૧૦૦૦ યુનિટની વાર્ષિક મર્યાદામાં ચૂકવાશે. ઉદાહરણ તરીકે, ૨૫ કિ.વો.નું જોડાણ ધરાવતો ખેડૂત વાર્ષિક ૨૫૦૦૦ યુનિટ ગ્રીડમાં વેચાણ કરી શકશે.

આમ છતાં ૧ હો.પા. દીઠ ૧.૨૫ કિ.વો. ઉપરાંત ખેડૂતે સ્થાપેલ સોલાર ક્ષમતામાંથી ઉત્પાદિત વીજળીના વેચાણ સામે સરકારની EBI ચૂકવવામાં આવશે નહીં.

(૯) રાજ્ય સરકાર દ્વારા ચૂકવાતી આ EBI રાજ્ય સરકારનાં ૩0% ફાળા પેટે ગણવામાં આવશે અને તે ધિરાણકર્તા સંસ્થા/નાબાર્ડને લોન હપ્તા પેટે ચૂકવવામાં આવશે.

(૧૦) સાત વર્ષનાં સમયગાળામાં આ મુજબ રાજ્ય સરકાર ચૂકવણી કરશે. ત્યારબાદ સરકારની સબસીડીનાં ભાગ રૂપે મેળવેલ લોન પૂર્ણ ભરપાઈ થઈ ગયા બાદ EBI ચૂકવવામાં આવશે નહીં, પરંતુ જે તે વીજ વિતરણ કંપની દ્વારા ખેડૂતો દ્વારા વેચાતી વીજળીની ખરીદી ચાલુ રહેશે અને ત્યારબાદ બાકીના ૧૮ વર્ષ સુધી તે પેટે વીજ વિતરણ કંપની દ્વારા રકમ ખેડૂતોને મળતી રહેશે. ખેડૂતો વતી લેવાયેલ લોનની પરત ચૂકવણી અંદાજે સાત વર્ષમાં પૂર્ણ થશે.

(૧૧) ગ્રીડમાં વેચેલ વીજળી પેટે વીજ વિતરણ કંપની દ્વારા ખેડૂતને આપવાની રકમ દરેક ખેડૂત અને વીજ વિતરણ કંપની દ્વારા ખોલવામાં આવનાર Escrowed Accountમાં જમા થશે. તેમાંથી પ્રથમ ખેડૂતો વતી લેવાયેલ લોનનો હપ્તો ચૂકવ્યા બાદ બાકી રહેતી રકમ ખેડૂતને મળી શકશે.

(૧૨) ખેડૂત જો ઓછી લોન લેવા ઈચ્છે તો ૫% ના સ્થાને વધુ રકમ Upfront ભરી શકે. તે સંજોગોમાં તેને લોન ચૂકવણીનો હપ્તો ઓછો આવશે અને વાર્ષિક વધુ રકમ મળશે.

(૧૩) આ યોજનામાં જોડાતાં ખેડૂતોને કૃષિ વિષયક વિજ વપરાશ માટે અન્ય કોઈ સબસીડી મળવાપાત્ર રહેશે નહીં.

(૧૪) આ પ્રોજેક્ટમાં સોલાર પેનલ અને સંબંધિત મશીનરીની માલિકી પ્રથમ ૭ (સાત) વર્ષ (લોનની મુદત) સુધી સરકાર વતી જે તે વીજ વિતરણ કંપનીની રહેશે. લોન ભરપાઈ થયા બાદ જે તે ખેડૂતની માલિકી રહેશે.

(૧૫) આ યોજના અંગેનો ખર્ચ અંદાજ પત્રમાં નીચેના સદરે ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| મુખ્ય સદર | : | ૨૮૧૦-નવી અને નવીનીકરણપાત્ર ઉર્જા |
| પેટા મુખ્ય સદર | : | ૦૦ |
| ગૌણ સદર | : | ૧૦૨- રીન્યુએબલ એનર્જી ફોર રૂરલ એપ્લીકેશન |
| પેટાસદર | : | ૦૩-ગ્રીડ કનેકટેડ સોલાર માઇક્રોગ્રીડ ફોર એગ્રીકલ્ચર પંપ સેટ્સ |
| હેડ ચાર્જેબલ | : | ૨૮૧૦-૦૦-૧૦૨-૦૩ |

આ યોજનાનું અમલીકરણ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.(GUVNL) દ્વારા નક્કી કરવામાં આવનાર ધારા ધોરણો અને કાર્યપધ્ધતિ અનુસાર કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૧૯/૦૬/૨૦૧૮ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શોભના દેસાઈ )
અધિક સચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

૧. માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગ પત્રથી)
૨. માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. માન.મંત્રીશ્રી(ઉર્જા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૫. માન.રા.ક.મંત્રીશ્રી(ઉર્જા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૬. મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૭. અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૮. અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર
૯. અગ્ર સચિવશ્રી, ક્લાઈમેટ ચેન્જ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૦. સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, ગાંધીનગર (અલગ પત્રથી)
૧૧. અધિક મુખ્ય સચિવશ્રી(ઉપેવિ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૧૨. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી., વડોદરા
૧૩. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લી., મહેસાણા
૧૪. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી., રાજકોટ
૧૫. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લી., સુરત
૧૬. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લી., વડોદરા
૧૭. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી,ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લી., વડોદરા
૧૮. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લી.,વડોદરા
૧૯. મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રી અને શુલ્ક સમાહર્તાશ્રી, ઉદ્યોગભવન, ગાંધીનગર
૨૦. નિયામકશ્રી, ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર
૨૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
૨૨. તિજોરી અધિકારીશ્રી, વડોદરા.
૨૩. નિયામકશ્રી, ટોરેન્ટ પાવર લી., અમદાવાદ
૨૪. વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
૨૫. સિલેક્ટ ફાઈલ/નાયબ સેકશન અધિકારીશ્રી, અંગત ફાઇલ